અપીલ અરજી નં.૨૨૫ તા.૨૦–૧૦–૦૯/૧૦

અરજદારઃ– શ્રી અધ્વર્યુ બાલમુકુંદ બાબુભાઈ

સામાવાળાઃ–(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન

(૨) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન

(૩) ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)

(૪) આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :***– આરટીઆઈ એકટ હેઠળ શ્રી અધ્વર્યુ બાલમુકુંદ બાબુભાઈની તા.૧–૯–૦૯ની અરજીથી મુદ્દા નં.૧ સ્થા.સ. ઠ. નં.૨૪૧૧/૧૯૯૬ ની નકલ મુદ્દા નં.૨ સાતે ઝોનમાં સમાવિષ્ટ આરોગ્ય વિભાગની વોર્ડ ઓફિસો વિસ્તારમાં આવેલ દુકાન તથા હોટલ ખાદ્યપદાર્થોના વેસ્ટ,કચરો, એંઠવાડ અંગે વસુલવામાં આવતો બીપીએમસી એકટની કલમ–૨૯૪(૧)(૨) વહીવટી ખર્ચ/ચાર્જની દૈનિક, સાપ્તાહિક, પખવાડીક,માસિક, ત્રિમાસિક, છમાસિક,વાર્ષિક કેટલો વસુલ લેવાય છે તેની માહિતી તથા તા.૧૯–૯–૦૯ ની બીજી અરજીથી મુદ્દા નં.૧ પુરુષોત્તમ જીનીંગ મીલ ખાંડ બજાર, વરાછા દુકાનો/સ્ટોલો, ખાદ્ય વેસ્ટ, એંઠવાડના નિકાલ અંગે કલમ–૨૯૪(૧)(૨) તેમજ શીડયુલ–૧૪ ના રુલ્સ ૧અને ઘ (૧)(૨) તેમજ સ્થા.સ.ઠ.૨૪૧૧/૯૬ ના નિયમ મુજબ દૈનિક વહીવટી ચાર્જ વસુલાત તથા વેરા બાબતની માહિતી તથા નીલ હોય તો કારણ સહિતની માહિતી મુદ્દા નં.૨ હેન્ડલુમ હેન્ડી ક્રાફટ વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ, અઠવાલાઈન્સ, સુરત અ (૧) કુલ કેટલા દુકાનો/સ્ટોલો અને પ્રદર્શનકારીઓ છે? (૨)કુલ કેટલા ખાણીપીણીના સ્ટોલો છે? (૩) મેળામાં આવેલ ખાણીપીણીના સ્ટોલો, દુકાનોના વેસ્ટ અંગે કેટલો વહીવટી ચાર્જ વસુલ લીધેલ છે નીલ હોય તો કારણ સહિતની માહિતી તથા (૪) કેટલો વેરો વસુલ કરેલ છે તેની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજુકરની તા.૨૦–૧૦–૦૯ ની અપીલ અરજી નં.૨૨૫/૨૦૦૯–૧૦

શ્રી અધ્વર્યુ બાલમુકુંદ બાબુભાઈની તા.૧–૯–૦૯ની અરજીથી મુદ્દા નં.૧ સ્થા.સ. ઠ. નં.૨૪૧૧/૧૯૯૬ ની નકલ મુદ્દા નં.૨ સાતેય ઝોનમાં સમાવિષ્ટ આરોગ્ય વિભાગની વોર્ડ ઓફિસો વિસ્તારમાં આવેલ દુકાન તથા હોટલ ખાદ્યપદાર્થોના વેસ્ટ,કચરો, એંઠવાડ અંગે વસુલવામાં આવતો બીપીએમસી એકટની કલમ–૨૯૪(૧)(૨) મુજબ વહીવટી ખર્ચ/ચાર્જની દૈનિક, સાપ્તાહિક, પખવાડીક,માસિક, ત્રિમાસિક, છમાસિક,વાર્ષિક કેટલો વસુલ લેવાય છે તેની માહિતી તથા તા.૧૯–૯–૦૯ ની બીજી અરજીથી મુદ્દા નં.૧ પુરુષોત્તમ જીનીંગ મીલ ખાંડ બજાર, વરાછા દુકાનો/સ્ટોલો, ખાદ્ય વેસ્ટ, એંઠવાડના નિકાલની કલમ–૨૯૪(૧)(૨) તેમજ શીડયુલ–૧૪ ના રુલ્સ ૧અને ઘ (૧)(૨) તેમજ સ્થા.સ.ઠ .૨૪૧૧/૯૬ ના નિયમ મુજબ દૈનિકલ વહીવટી ચાર્જ વસુલાતની તથા વેરા બાબતની માહિતી તથા નીલ હોય તો કારણ સહિતની માહિતી મુદ્દા નં .૨ હેન્ડલુમ હેન્ડી ક્રાફટ વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ, અઠવાલાઈન્સ, સુરત અ (૧) કુલ કેટલા દુકાનો/સ્ટોલો અને પ્રદર્શનકારીઓ છે? (૨)કુલ કેટલા ખાણીપીણીના સ્ટોલો છે? (૩) મેળામાં આવેલ ખાણીપીણીના સ્ટોલો, દુકાનોના વેસ્ટ અંગે કેટલો વહીવટી ચાર્જ વસુલ લીધેલ છે નીલ હોય તો કારણ સહિતની માહિતી તથા (૪) કેટલો વેરો વસુલ કરેલ છે તેની માહિતી આપવા બાબતે તા.૧–૯–૦૯ ની અરજી બાબતે સી.ઝેડ/આરટીઆઈ/૯૨૧ તા.૬–૧૦–૦૯થી સેન્ટ્રલઝોન ધ્વારા ઉડાઉ, વિષયહિન, અધકચરો, અને તદ્દન ખોટો જવાબ, આરોગ્ય વિભાગ તરફથી પીએચડી/આ.અ/પીઆઈ/૧૯૫ તા.૩૦–૯–૦૯ થી આપેલ નીલ માહિતી તેમજ તા.૫–૯–૦૯ ની અરજીથી વરાછાઝોન તરફથી ઈ.ઝેડ/આરટીઆઈ/૨૬૩ તા.૧૯–૯–૦૯ થી આપેલ નીલ માહિતી તથા સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૫૪૩ તા.૧૪–૧ ૦–૦૯ થી આપેલ નીલ માહિતીના મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૦–૧૦–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૦૭ તા.૨૭–૧૦–૦૯ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન, શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન, ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન), આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી તથા અરજદારને તા.૧૯–૯–૦૯ ની અરજી સામે અપીલ કરેલ છે. જયારે અપીલના મુદ્દામાં તા.૧–૯–૦૯ ના મુદ્દાનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. જે અંગે અપીલ બાબતે મુળ અરજીની નકલ સહિત સ્પષ્ટતા કરવા તથા અપીલ સાથે અઠવાઝોન ધ્વારા પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૫૪૩ તા.૧૪–૧૦–૦૯ ની અપીલના મુદ્દાનો સમાવેશ કરેલ છે પરંતુ તેના જવાબની નકલ સામેલ કરેલ નથી તેની નકલ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારીએ પત્ર નં.પીએચડી/આ.અ./પીઆઈ/૨૨૭ તા.૫–૧૧–૦૯ થી અત્રેના વિભાગને પૂરક માહિતી મળેલ છે. જેમાં અરજદારને આપેલ માહિતી પત્ર ૧૯૫ તા.૩૦–૯–૦૯ ના પત્રની નકલ ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી તરફથી સા.વે.ઝોન/ અઠવા/ આરટીઆઈ/આંન.૫૮૧ તા.૪–૧૧–૦૯ થી અત્રેના વિભાગને પૂરક માહિતી મળેલ છે. જેમાં તા.૧–૯–૦૯ ની તથા તા.૧૯–૯–૦૯ ની મુળ અરજીની નકલ, નં.સા.વે.ઝોન/આરટીઆઈ/આ.નં.૫૪૩ તા.૧૪–૧૦–૦૯ થી અરજદારને આપેલ માહિતી પત્રકની નકલ તથા તે પોસ્ટ કર્યાના એકટનોલેજમેન્ટની નકલ તથા વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/એપેલટ/આરટીઆઈ/૨૬૩ તા.૧૮–૧૧–૦૯ થી પૂરક વિગતો મળેલ છે. જેમાં નોંધ વિભાગ તથા સેન્ટ્રલઝોન તરફથી સે.ઝોન/આરટીઆઈ/જાવક નં.૭૩૯ તા.૪–૯–૦૯ થી કાર્યપાલક ઈજનેર તમામઝોન તથા આરોગ્ય અધિકારીને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારની તા.૧–૯–૦૯ ના પત્રની નકલ, તથા અરજદારને આપેલ માહિતી પત્ર નં.એન.ઝેડ/આરટીઆઈ/૨૬૩ તા.૧૯–૯–૦૯ ની નકલ તેમજ સેન્ટ્રલઝોન તરફથી કોઈ પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ નથી. તેમજ અરજદાર તરફથી પત્ર પાઠવવા છતાં અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૧–૯–૦૯ ની અરજીથી મુદ્દા નં.૧ સ્થા.સ. ઠ. નં.૨૪૧૧/૧૯૯૬ ની નકલની માંગણી કરવામાં આવેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી આરોગ્ય તરફથી પત્ર નં.૧૯૫ તા.૩૦–૯–૦૯ થી ઠરાવની નકલ માટે અંકે રૂા.૨/– ની રકમ આરોગ્યખાતાની મુખ્ય કચેરી સુરત મહાનગરપાલિકા ન્યુ.એનેક્ષી બિલ્ડીંગ સીટી સીવીક સેન્ટરની ઉપર ૬ માળે મેઈન રોડ, મુગલીસરા, સુરત ખાતે જમા કરાવી નકલ મેળવી લેવા જણાવેલ છે. પરંતુ અરજદારે નકલ મેળવી કે કેમ તે અંગેની વિગતો જાહેર માહિતી અધિકારી કે અરજદાર તરફથી અત્રેના વિભાગને મળેલ નથી. મુદ્દા નં.૨ સાતે ઝોનમાં સમાવિષ્ટ આરોગ્ય વિભાગની વોર્ડ ઓફિસો વિસ્તારમાં આવેલ દુકાન તથા હોટલ ખાદ્યપદાર્થોના વેસ્ટ,કચરો, એંઠવાડ અંગે વસુલવામાં આવતી બીપીએમસી એકટની કલમ–૨૯૪(૧)(૨) વહીવટી ખર્ચ/ચાર્જની દૈનિક, સાપ્તાહિક, પખવાડીક,માસિક, ત્રિમાસિક, છમાસિક,વાર્ષિક કેટલો વસુલ લેવાય છે તેની માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી તરફથી આવી સંસ્થાઓ પાસેથી કોઈ ચાર્જ વસુલ કરવામાં આવતો નથી તેથી માહિતી નીલ છે. તેવી માહિતી આપવામાં આવેલ છે. જયારે સેન્ટ્રલઝોન તરફથી સી.ઝેડ/આરટીઆઈ/૯૨૧ તા.૬–૧૦–૦૯ થી " ખાદ્ય પદાર્થો બનાવી પીરસવામાં ફરસાણની દુકાનો કે હોટલ કે રેસ્ટોરન્ટો, ભોજનાલયો, ત્રણતારક હોટલો, ખાણાપીણી રેકડીઓના સ્પોટ ધ્વારા નીકળતો

કચરો, એંઠવાડ, કેટરીંગ વેસ્ટ કે કોમર્શીયલ વેસ્ટ લાગત ખાતા ધ્વારા વહીવટી ખર્ચ વસુલ લેવાય છે. જે બાબતના અનુસંધાનમાં જણાવવાનું કે માંગેલ માહિતીનો સંયુકત જવાબ ન.પીએચડી/આ.અ./પીઆઈ/૧૯૫ તા.૩૦–૯–૦૯ થી આપવામાં આવેલ છે. આમ જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી અરજદારને માહિતી આપવામાં આવેલ છે. જે બાબતે અરજદારે અપીલ અરજીમાં સદર જવાબ ઉડાઉ, વિષયહીન અધકચરો અને તદ્દન ખોટો જવાબ આપેલ છે તેવું જણાવી આરટીઆઈ હેઠળ શિક્ષાત્મક કાર્યવાહીની રજૂઆત કરેલ છે. અરજદારે અપીલમાં કરેલા દાવા અંગે અપીલ સાથે કે અપીલ તબકકે તા.૨૭–૧૦–૦૯ થી પત્ર પાઠવી તક આપવા છતાં તેના આધાર કે વાજબીપણું રજૂ કરેલ નથી. વધુમાં અરજદારે અપીલમાં રજૂ કરેલ દંડાત્મક જોગવાઈ અંગે કાર્યવાહી કરવાની સત્તા આરટીઆઈ કાયદાની કલમ–૨૦ મુજબ રાજય માહિતી આયોગને છે.

અરજદારની તા.૧૯–૯–૦૯ ની અરજીથી મુદ્દા નં.૧ પુરુષોત્તમ જીનીંગ મીલ ખાંડ બજાર, વરાછા દુકાનો/સ્ટોલો, ખાદ્ય વેસ્ટ, એંઠવાડ, દૈનિક કલમ–૨૯૪(૧)(૨) તેમજ શીડયુલ–૧૪ ના રુલ્સ ૧અને ઘ (૧)(૨) તેમજ સ્થા.સ.ઠ.૨૪૧૧/૯૬ ના નિયમ મુજબ વહીવટી ચાર્જ તથા વેરા બાબતની માહિતી તથા નીલ હોય તો કારણ સહિતની માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને વરાછાઝોન તરફથી માંગ્યા મુજબની માહિતી નીલ હોવાનું જણાવેલ છે. જે બાબતે અરજદારે અપીલ અરજીમાં તોછડી ભાષામાં જવાબ આપ્યાની રજૂઆત કરેલ છે. મુદ્દા નં.૨ હેન્ડલુમ હેન્ડી ક્રાફટ વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ, અઠવાલાઈન્સ, સુરત અ– (૧) કુલ કેટલા દુકાનો/સ્ટોલો અને પ્રદર્શનકારીઓ છે? (૨)કુલ કેટલા ખાણીપીણીના સ્ટોલો છે? જે બાબતે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી જેની માહિતી અત્રેના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી.(૩) મેળામાં આવેલ ખાણીપીણીના સ્ટોલો, દુકાનોના વેસ્ટ અંગે કેટલો વહીવટી ચાર્જ વસુલ લીધેલ છે નીલ હોય તો કારણ સહિતની માહિતી માંગવામાં આવેલ. જે બાબતે જાહેર માહિતી અધિકારીએ આ સ્ટોલ ધારકો પાસે કોઈ વહીવટી ચાર્જ લેવામાં આવેલ નથી પરંતુ મેળાના આયજકોએ ભરેલ ડીપોઝીટ રકમમાંથી સફાઈ પેટે વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવે છે તેવી માહિતી પૂરી પાડેલ છે. જે અંગે અરજદારે અપીલ અરજીમાં અઠવાઝોન ધ્વારા અધૂરો, ઉડાઉ અને બુધ્ધિનું પ્રદર્શન કરનાર છે તેવું જણાવી માંગેલ માહિતી બીપીએમસી એકટ કલમ–૨૯૪ (૧)(૨) તેમજ શીડયુલ રુલ્સ ૧–ઘ (૧) (૨) તથા સ્થાયી સમિતિના ઠરાવ નં.૨૪૧૧/૯૬ મુજબ કેટલો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો તેની નીલ સહિતની માહિતીની રજૂઆત કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ તેમના તા.૪–૧૧–૦૯ ના પત્ર નં.૫૮૧ થી પૂરક વિગતોમાં અરજદારે માંગેલ માહિતી બાબતે નીલ હોવાનું જણાવેલ છે તથા વનિતા વિશ્રામ રાઉન્ડ ખાતે ભરાયેલ હેન્ડલુમ હેન્ડીક્રાફટ ફેરમાં કુલ્લે ૧૫ ખાણીપીણીના સ્ટોલ ધારકોએ આરોગ્ય વિભાગમાંથી બીપીએમસી એકટ હેઠળ હંગામી લાયસન્સ મેળવેલ છે અને ખાદ્ય એંઠવાડ સંદર્ભે કોઈ વહીવટી વસુલાત લેવામાં આવેલ નથી. તેવું પૂરક વિગતોમાં જણાવેલ છે. (૪) કેટલો વેરો વસુલ કરેલ છે તેની માહિતી આપવા બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી તે અંગે કોઈ માહિતી પૂરી પાડેલ જણાતી નથી. જે બાબતે અરજદારે અપીલ અરજીમાં પણ એ.આર.ઓ અઠવાઝોને ઉત્તર પાઠવવામાં આવેલ નથી તેથી મને મુદ્દાસર જવાબ પાઠવવો અને આયોજકો ધ્વારા ભરાયેલ ડીપોઝીટ અંગે જણાવો. તેવી રજૂઆત અપીલ અરજીમાં કરેલ છે. જે અપીલ તબકકે મુળ અરજીથી અલાયદો પ્રશ્ન અરજદારે ઉપસ્થિત કરેલ છે.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧–૯–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી સ્થા.સ.ના ઠરાવ નં.૨૪૧૧/૧૯૯૬ બાબતે આરોગ્ય અધિકારી અને જાહેર માહિતીએ જણાવ્યા મુજબ અરજદાર રૂા. ૨/– ભરપાઈ કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે. વધુમાં અરજદારે સેન્ટ્રલઝોન સામે અપીલમાં રજૂ કરેલ શિક્ષાત્મક જોગવાઈ અંગે કાર્યવાહી કરવાની સત્તા આરટીઆઈ કાયદાની કલમ–૨૦ મુજબ રાજય માહિતી આયોગને છે. જેથી અત્રેથી તે અંગે કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

અરજદારની તા.૧૯–૯–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં.૨– અ પૈકી કોલમ–૪ માં જણાવેલ વેરા બાબતેની નહી પૂરી પડાયેલી માહિતી આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા ડે.કમિશનર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને જણાવવામાં આવે છે.

અરજદારે અપીલ તબકકે આયોજક ધ્વારા ભરાયેલ ડીપોઝીટ અંગે જણાવવાની રજુઆત કરેલ છે જે અપીલ તબકકે મુળ અરજીથી અલાયદો પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે જે અંગે અરજદાર લાગત જાહેર માહિતી અધિકારીને અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

***નં.આરટીઆઈસેલ/***
***તારીખ : –૧૧ –૦૯***

***ડે.કમિશ્નર(જનરલ)***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ,***

(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન,શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન, ડે.કમિશનર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન), આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી... જાણ તથા અમલ માટે

(૨) શ્રી બાલમુકંદ બી. અધ્વર્યુ,